નર્મદા જિલ્લામાં ૮૦ વર્ષથી વધુ વયના ૧૦૩ મતદારો પૈકી ૯૮ મતદારોએ પોતાના નિવાસ સ્થાને જ મતદાન કર્યું

# જિલ્લાના નાગરિકોને અચૂક મતદાનનો સંદેશો આપતા વડીલો











**દેડિયાપાડા** બંને વિધાનસભા વિસ્તારમાં મળી કર્મચારીઓ/અધિકારીઓની કુલ ૧૨ ટીમો દ્વારા કામગીરી

(પ્રતિનિધી) વડોદરા, તા.૨૩

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૨ અન્વયે નર્મદા જિલ્લાના ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાનાં માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે સુસજ્જ છે, ત્યારે તા.૨૩ મીના રોજ બુધવારે નર્મદા જિલ્લામાં સમાવિષ્ટ ૧૪૮-નાંદોદ વિધાનસભા વિસ્તારમાં વસવાટ કરતા ૮૦ વર્ષથી વધુ વયના નાગરિકો માટે ફોર્મ ૧૨-ડી હેઠળ માન્ય રાખેલી યાદી મુજબના વયોવૃદ્ધ મતદારો માટે પોસ્ટલ બેલેટથી મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ૩૦ જેટલાં વયોવૃદ્ધ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે ૧૪૯- દેડિયાપાડા વિધાનસભા મતદાર વિસ્તારમાં વયોવૃદ્ધ મતદાતાઓ માટે યોજાયેલા પોસ્ટલ બેલેટ મતદાનમાં માન્ય ઠરેલા ૭૩ મતદાતાઓ પૈકી ૬૮ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સમગ્ર જિલ્લામાં કુલ મળીને ૧૦૩ નોંધાયેલા વયોવૃદ્ધ મતદાતા પૈકી ૯૮ મતદાતાઓએ તેમના નિવાસસ્થાને જ ટપાલથી મતદાન કર્યું હતું. ચૂંટણી કામગીરીમાં જોડાયેલા અધિકારીઓ/કર્મચારીઓ અને પોલીસ જવાનોની કુલ ૧૨ જેટલી ટીમો દ્વારા આ સમગ્ર કામગીરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. બંન્ને મતદાર વિસ્તારોમાં યોજાયેલી પોસ્ટલ બેલેટની કામગીરીનું મોનીટરિંગ ચૂંટણી અધિકારી શૈલેષ ગોકલાણી અને આનંદ ઉકાણીની રાહબરીમાં મદદનીશ ચૂંટણી અધિકારીએ.વી. વિરોલા અને પ્રતિક સંગાડા દ્વારા કરવામાં આવ્યું હતું.

વિધાનસભા-૨૦૨૨ની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૮૦ વર્ષથી વધુ વય ધરાવતા નિર્દિષ્ટ મતદાર નાગરિકો માટે ચૂંટણીમાં ઘર આંગણે જ ટપાલ મતપત્રથી મતદાન કરવાની વિશેષ સુવિધા ઉભી કરવામાં આવી છે. વયોવૃદ્ધ મતદાતાઓના ઘરે પહોંચેલી ટીમ દ્વારા જે-તે મતદારને સતદાનની સંપૂર્ણ પ્રક્રિયા અંગે સમજાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમની પાસે મતદાન કરાવી મતદાનની સંપૂર્ણ ગુપ્તતા પણ જાળવવામાં આવી હતી. નાંદોદ વિધાનસભા મતદાર વિભાગમાં હાથ ધરાયેલી પોસ્ટલ બેલેટની મતદાન પ્રક્રિયા દરમિયાન પોતાનો મત આપી ચૂંટણી તંત્ર દ્વારા ઉભી કરવામાં આવેલી આ વ્યવસ્થા સંદર્ભે આભાર વ્યક્ત કરતા રાજપીપલાના ભાટવાડા વિસ્તારમાં રહેતા અરવિંદકુમાર અમરસિંહ બારોટે જણાવ્યું હતું કે, ચૂંટણીપંચ દ્વારા આ ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. અમારા જેવા વૃદ્ધ મતદારો કે જેઓ મતદાન કરવા માટે મતદાન મથક સુધી જઈ શકતા નથી તેમના માટે મતદાન પૂર્વે ઘર આંગણે આવીને પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની સુવિધા પુરી પાડવામાં આવી છે. જેથી લોકશાહીના આ મહાપર્વમાં કોઈપણ મતદાતા તેના મતાધિકારથી વંચિત ન રહે.

મારી મતદાનની પવિત્ર ફરજ અદા કરીને લોકશાહીના ઉત્સવમાં સહભાગી બની ગર્વની લાગણી અનુભવું છું. અન્ય મતદારોએ પણ આ અવસરમાં સહભાગી બની પોતાના મતાધિકારનો અચૂકપણે ઉપયોગ કરવો જોઈએ તેવી નમ્રભાવે અપીલ કરું છું, તેમ તેઓએ ઉમેર્યું હતું.

પાવીજેતપુર કોર્ટમાં બનેલો બનાવ

# કરાલી પોલીસ સ્ટેશનનો આરોપી વોશરૂમમાંથી પોલીસને ધક્કો મારી ફરાર

**રતનપુર** ખાતે આવેલ કોર્ટમાં રજૂ કરવા માટે લાવ્યા હતા

(પ્રતિનિધી) પાવીજેતપુર, તા.૨૩

પાવીજેતપુર તાલુકાના કરાલી પોલીસ સ્ટેશન નો આરોપી પાવીજેતપુર કોર્ટમાંથી વોશરૂમ જવાના બહાને પોલીસને ધક્કો મારી પોલીસના જાપ્તામાંથી ફરાર થઈ જતા ફરિયાદ થવા પામી છે. પ્રાપ્ત માહિતી મુજબ પાવીજેતપુર તાલુકાના કરાલી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હરેશભાઈ રમણભાઈ પ્રીહીબિશનમાં ગુનામાં નાસ્તો ફરતો આરોપી એવા સુરમલભાઈ હજારીયાભાઈ રાઠવા ઉર્ફે ભેડીયા રહે. ખેરવાડા તા. સાંઢવા, મધ્યપ્રદેશના આરોપીને પાવીજેતપુર તાલુકાના રતનપુર ખાતે આવેલ કોર્ટમાં રજૂ કરવા માટે લાવેલા હતા. સાંજના ૫:૩૦ વાગે આરોપીએ વોશરૂમ જવાની વાત કરતા, હરેશભાઈ તેઓને વોશરૂમ માટે લઈ ગયા હતા ત્યારે અચાનક આરોપી સુરમલભાઈએ પોલીસને ધક્કો મારી પોલીસના જાપ્તામાંથી ભાગી ગયેલ, પોલીસે પીછો કર્યો હોય પરંતુ આરોપી ભાગવામાં સફળ થઈ ગયો હતો. આરોપીની શોધખોળ આરંભવા છતાં આરોપી ન મળતા કરાલી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હરેશભાઈ રમણભાઈએ પાવીજેતપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેની તપાસ પાવીજેતપુર પીએસઆઈ જેતાવત ચલાવી રહ્યા છે.

આમ, કરાલી પોલીસ સ્ટેશનના ૨૦૨૦ના પ્રોહીબિશનના ગુનામાં નાસ્તો ફરતો આરોપી સુરમલભાઈ રાઠવાને માંડ માંડ પકડ્યો હોય ત્યારે તેઓને કોર્ટમાં રજૂ કરતા કોર્ટમાં પોલીસને ધક્કો મારી, ચકમો આપી ભાગી જતા પાવીજેતપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ચૂંટણી ફરજ ઉપરનાં ગૃહ વિભાગના પોલીસ-SRP, હોમગાર્ડઝ, જીઆરડી, ટ્રાફિક TRPના જવાનો માટે

# રાજપીપળામાં પોલીસ હેડક્વાર્ટર સંકુલ ખાતે 1902થી વધુ જવાનો માટે પોસ્ટલ બેલેટથી મતદાન યોજાયું

**પોસ્ટલ** બેલેટ દ્વારા ૫૦ ટકાથી પણ વધુ મતદાન નોંધાયું



(પ્રતિનિધી) વડોદરા, તા.૨૩

નર્મદા જિલ્લામાં તા.૦૧ લી ડિસેમ્બર,૨૦૨૨ ના રોજ યોજાનારી વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૨ સંદર્ભે મતદાનનાં દિવસે ૧૪૮-નાંદોદ વિધાનસભા મત વિસ્તારની ચૂંટણી ફરજ પર રહેનારાં ગૃહ વિભાગના પોલીસ-SRP, હોમગાર્ડઝ અને જીઆરડી અને ટ્રાફિક TRPના જવાનો સહિત કુલ-૧૯૦૨ જવાનો, અધિકારીઓ/કર્મચારીઓ પણ ચૂંટણીપંચની સૂચના મુજબ પોસ્ટલ બેલેટથી મતદાન દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્વેતા તેવતિયાના માર્ગદર્શન અને નાંદોદ બેઠકના ચૂંટણી અધિકારી શૈલેષ ગોકલાણીની રાહબરી હેઠળ તા.૨૩ મી નવેમ્બર,૨૦૨૨ને બુધવારના રોજ રાજપીપલામાં જીતનગર પોલીસ હેડક્વાર્ટરના સંકુલમાં ઉભા કરાયેલા ફેસિલિટેશન સેન્ટર ખાતે યોજાયેલા મતદાનમાં ગૃહ વિભાગની તમામ શાખાના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ અને પોલીસ જવાનોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું. પોસ્ટલ બેલેટથી બપોરે ૧=૦૦ વાગ્યા સુધીમાં ૫૦ ટકાથી પણ વધુ મતદાન નોંધાયું હોવાનો અહેવાલ પણ પ્રાપ્ત થયેલ છે. નાંદોદ વિધાનસભા મત વિસ્તારની બેઠકના ચૂંટણી અધિકારી શૈલેષ ગોકલાણીએ જીતનગર પોલીસ હેડક્વાર્ટસ સંકુલમાં પોસ્ટલ બેલેટથી યોજાયેલા મતદાનમાં પોલીસ જવાનો દ્વારા થઇ રહેલા મતદાનની પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતુ. પોલીસ જવાનોને પોસ્ટલ બેલેટથી કઇ રીતે મતદાન કરવું તે અંગેની વૈધાનિક બાબતોની સમજુતી પુરી પાડવાની પણ વ્યવસ્થા કરાઇ હતી. ગૃહ વિભાગના કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટથી મતદાનના ફેસીલીટેશન સેન્ટરના કરાયેલા આયોજનમાં અહીં ૬૦૯-હોમગાર્ડઝ, ૭૭૬-GRD, ૨૪૧- પોલીસ, ૧૧૮-ટ્રાફિક TRP અને ૧૫૮-SRP જવાનો સહિત કુલ-૧૯૦૨ જેટલા કર્મચારીઓ પોલીસ જવાનો માટે પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા કરાયેલ છે અને દરેક કર્મચારીને પોસ્ટલ બેલેટથી કઇ રીતે મતદાન કરવુ તેની જાણકારી અપાઇ હતી.

તાબદાની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રશંસનિય કામગીરી

# શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે રંગોળી થકી અચૂક મતદાનની વિદ્યાર્થીઓએ અપીલ કરી

**લોકશાહીના** આ મહાપર્વમાં વિદ્યાર્થીઓની ભાગીદારી






(પ્રતિનિધી) વડોદરા, તા.૨૩

એકતાના પ્રતિક એવા આપણા ભારત દેશે વિશ્વ ફલક પર પણ પોતાની એકતાનો પરિચય કરાવ્યો છે.

દેશમાં વિવિધ તહેવારોની ઉજવણી ધર્મ-જાતિ-ભેદભાવ-ઉંચનીચની ભાવનાથી ઉપર પ્રેમ અને એકતાની ભાવના સાથે થાય છે. આ તમામ તહેવારો તો ખરા જ પરંતુ એક તહેવાર છે લોકશાહીનો. લોકશાહીના આ મહાપર્વમાં પોતાની ઉત્સાહભેર ભાગીદારી નોંધાવી શ્રેષ્ઠ ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવાના ઉમદા આશય સાથે દેડીયાપાડાની તાબદા ગામની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ રંગોળી સ્પર્ધામાં ભાગ લઈને લોકોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી.

નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર શ્વેતા તેવતિયાના માર્ગદર્શન અને સ્વીપ એક્ટીવીટીના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી એમ.સી. ભૂસારાની રાહબરી હેઠળ મતદાન જાગૃતિના યોજાઇ રહેલા અનેકવિધ કાર્યક્રમો અંતર્ગત શાળાના આચાર્ય રામસિંહભાઈ એ. વાઢેળની અધ્યક્ષતામાં અને શાળાના શિક્ષકોના આયોજન હેઠળ તા. ૨૨ નવેમ્બર,૨૦૨૨ ને મંગળવારના રોજ "મતદાન જાગૃતિ" વિષય પર રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓએ રંગોળી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ લોકોમાં લોકશાહીના પર્વ એવા વિધાનસભા ચૂંટણી - ૨૦૨૨માં વધુમાં વધુ મતદાન કરે તે માટે પોતાના કૌશલ્યોથી વિવિધ રંગોળી દ્વારા લોકોને મતદાન કરવા પ્રોત્સાહિત કરી લોકશાહીના મૂલ્યો સમજાવે એવી સુંદર રંગોળીઓ બનાવી હતી. આ સાથે અવસર લોકશાહીનો વિષય પર સેલ્ફી પોઈન્ટ બનાવવામાં આવ્યો હતો.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ચૂંટણી પ્રચારનો સમય પુરો થાય તે પછી

# મતદાન વિસ્તાર સિવાયના ચૂંટણી પ્રચારકોને મતવિસ્તાર છોડી દેવા આદેશ કરાયો

**છોટાઉદેપુર** પોલીસ શંકાસ્પદ સ્થળોની તપાસ કરશે

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૨૩

આગામી તા. ૦૫મી, ડિસેમ્બરના બીજા તબકકા દરમિયાન યોજાનારી છોટાઉદેપુર જિલ્લાની ત્રણ વિધાનસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા, શાંતિ અને સલામતિ જાળવવા તેમજ ચૂંટણી મુકત, ન્યાયી અને પવિત્ર રીતે થાય તે માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૬ હેઠળ મતદાન પુરૂં થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જેને અનુલક્ષીને છોટાઉદેપુર જિલ્લા મેજીસ્ટ્રેટ. સ્તુતિ ચારણે જાહેરનામું બહાર પાડી ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થાય તે પછી મતદાર વિસ્તાર સિવાયના રાજકીય પદાધિકારીઓ, તથા કાર્યકરો અને ચૂંટણી પ્રચારકોને મતવિસ્તાર છોડી દેવા કહ્યું છે. જાહેરનામામાં જણાવ્યા અનુસાર ચૂંટણી પ્રચારના સમયગાળા દરમિયાન છોટાઉદેપુર જિલ્લાના વિધાનસભા મત વિસ્તારમાં જે તે મતદાર વિસ્તાર સિવાયના બહારના વિસ્તારના રાજકીય પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો, સરઘસ કાઢનારાઓઅને ચૂંટણી પ્રચારકો આવેલા હોય તેઓએ પ્રચારના અંત એટલે કે તા. ૦૩/૧૨/૨૦૨૨ના રોજ ૦૫:૦૦ વાગ્યા બાદ છોટાઉદેપુર જિલ્લો છોડી જતા રહેવાનું રહેશે. આ જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા છોટાઉદેપુર જિલ્લા પોલીસતંત્ર તથા જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને સાર્વજનિક સભાખંડો, હોટલ, રેસ્ટોરન્ટ, વીશી તા અતિથિગૃહોની ઘનિષ્ઠ તપાસણી કરવા તથા મતદાર વિસ્તારની હદમાં તપાસ નાકા ઉભા કરવા અને બહારથી આવેતા વાહનોનો અવર જવર પર દેખરેખ રાખી, ચૂંટણી પ્રચાર અર્થે બહારથી આવેલા લોકો મતદાર વિભાગમાં રોકાયેલા નહીં હોવાની ખાતરી કરવા માટે જણાવ્યું છે.

# બોટાદના રાણાપુરના રોહિત સમાજ પોતાના હક્ક અને અધિકાર માટે જાગૃત બન્યા

(પ્રતિનિધી) સુખસર, તા.૨૩

બોટાદ જિલ્લાના રાણાપુર ગામના સુશિક્ષિત અને સંસ્કારી કુટુંબના તથા જીવનમાં સખત મહેનત કરીને જેણે જાત ઘસી નાખી છે એવા અનુસૂચિત જાતિના તુલસીભાઈ લવજીભાઈ મકવાણાના પુત્રનો વરઘોડો "હાથીની અંબાડી" ઉપર કાઢવામાં આવ્યો હતો. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી જાતિવાદી માનસિકતા ધરાવતા લોકો અનુ.જાતિના યુવકોને લગ્ન દરમિયાન ઘોડી પરથી ઉતારી દેતા હોય તથા વરઘોડા પર પથ્થરમારો કરતા હોય તેવી અનેક ઘટનાઓ ઘટી છે.જેને પરિણામે ડો.બાબાસાહેબ આંબેડકરના બંધારણમાં માનવા વાળા લોકો પણ પોતાના હકક અને અધિકાર પ્રત્યે જાગૃત બની વધુ જુસ્સાથી પોતાના હકક અને અધિકારો મેળવવા તથા તેનું રક્ષણ કરવા કટીબદ્ધ બન્યા છે.ત્યારે આવા જ એક પ્રસંગમાં મુ.ચાંદખેડા અમદાવાદ ખાતે ચિ. વિજય મકવાણા(આર્મી ઓફિસર) સંગ ચિ. હિરલ કુમારી(એડવોકેટ) પોતાના લગ્નનો વરઘોડો હાથીની અંબાડી પર કાઢીને આ દેશમાં બંધારણ જ સવોપરી અને સર્વોચ્ચ છે.તથા દેશના સહુ નાગરિકો સમાન છે તેવો સંદેશો પાઠવ્યો હતો.

વિદ્યાર્થીકાળથી રાષ્ટ્ર ભાવના ધરાવી NCC માં "C" સર્ટિફિકેટ મેળવ્યા બાદ રાષ્ટ્રહિત કાજે ભારતીય સૈન્યમાં નિમણુંક મેળવી હાલમાં દિલ્હી ખાતે ફરજ બજાવતા વિજય મકવાણાઅને હિરલ કુમારી(એડવોકેટ)ના શુભ લગ્ન પ્રસંગે નિમિત્તે ગઈકાલે આયોજીત કરવામાં આવેલ રિસેપ્શનમાં નવદંપતિને સંત શિરોમણી સતગુરૂ રવિદાસજી અને ડો.બાબાસાહેબ આંબેડકરનો ફોટો આપી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

કોંગ્રેસમાથી ભાજપમાં આવેલા ઉમેદવારને જૂના ભાજપના કાર્યકરો પર ભરોશો નથી

# છોટાઉદેપુર બેઠક પર બીજેપીના જૂના અને નવા કાર્યકરો વચ્ચે મતભેદ બહાર આવ્યો

**કાર્યકરો** પાર્ટી કોઇ પગલા ન લે તે માટે ચૂપકીથી કાર્ય કરી રહ્યા છે

(પ્રતિનિધી) પાવીજેતપુર, તા.૨૩

છોટાઉદેપુર વિધાનસભા બેઠક પર હાલ ભાજપના બેઉ બગડ્યા જેવી સ્થિતિ ઊભી થઈ છે. અને જૂના અને નવા કાર્યકરો વચ્ચે તાલમેલ બેસાડવા મથામણ કરી રહ્યા છે, અને જૂના નવા વચ્ચે આંતરીક દાવાનળ ચૂટણી પરિણામ બગાડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. છોટાઉદેપુર વિધાનસભા ચૂટણી પહેલા જ કોંગ્રેસનો સ્કાયલેબ ભાજપમાં તૂટીને પડ્યો હતો, અને ભાજપના કાર્યકરો ઊંઘતા ઝડપાયા હતા.અને મોહનસિંહ રાઠવાએ પોતાના બે પુત્રો સાથે વટભેર ભાજપમાં પ્રવેશ મેળવી લીધો હતો, ભાજપમાં પ્રવેશ મળતાની સાથે જ મોહનસીંહ રાઠવાએ પોતાના દીકરાની ટીકીટ પાકી કરી લીધી હતી. અને વર્ષોથી ચૂટણી લડવા મહેનત કરી રહેલા જૂના ભાજપના કાર્યકર્તાઓ નારાજ થયા છે. જૂના નવા બધા કાર્યકરો કામે લાગી ગયા છે, પરંતુ જૂના કાર્યકરોમાં હજુ પણ મનમાં ખચકાટ અનુભવાઈ રહ્યો છે. અને વર્ષોથી રાજકારણમાં રાચતા હોવા છતાય રાજકારણમાં એકડો નહિ આવડતા એવા રાજેન્દ્રસીંહ રાઠવાને પિતા મોહનસીંહ રાઠવાની સાખ ઉપર ટિકિટ મળી જતાં ભાજપના કાર્યકરોમાં આંતરીક દાવાનળ સળગી રહ્યો છે. આ કાર્યકરો પાર્ટી કોઈ એક્શન ન લે તે માટે ચૂપ થઈને કામગીરી કરી તો રહ્યા છે, પરંતુ આ દાવાનળ મતદાનના દીવસે ફૂટે તો પરિણામ બદલી દે તેવી સ્થિતિ જણાઈ રહી છે, તો બીજી બાજુ કોંગ્રેસમાથી ભાજપમાં આવેલા ઉમેદવારને જૂના ભાજપના કાર્યકરો પર ભરોશો નથી એટલે ખાનગી રીતે જાસૂસી કરાવતા હોવાની પણ માહિતી સાપડી રહી છે, અને આ કાર્યકરો ક્યાં અને શું ગતિવિધિ કરે છે તેની માહિતી કમલમ સુધી પહોચાડી અને જૂના ભાજપના કાર્યકરો અને ટિકિટ વાંછુંઓને ભાજપમાં પણ પોતાનો પરચમ બતાવી દેવા માટેની તૈયારી કરી લીધી છે.

# તિલકવાડા તાલુકાની દેવલીયા ચેકપોસ્ટની ખર્ચ નિરીક્ષકે મુલાકાત લીધી



(પ્રતિનિધી) વડોદરા, તા.૨૩

નર્મદા જિલ્લામાં આગામી તા.૦૧ લી ડિસેમ્બર,૨૦૨૨ ના રોજ નર્મદા જિલ્લામા યોજાનારી વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૨ આદર્શ આચારસંહિતાના અમલ સાથે મુક્ત અને ન્યાયી રીતે મતદાનની પ્રક્રિયા સુનિશ્વિત રીતે સુપેરે પાર પડવાની સાથે સંપન્ન થાય તે માટે કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા ખર્ચ નિરિક્ષક તરીકે નિમાયેલા પ્રભાત રંજને તા.૨૩ મી નવેમ્બર,૨૦૨૨ને બુધવારના રોજ જિલ્લામાં સમાવિષ્ટ ૧૪૮-નાંદોદ મત વિસ્તારમાં તિલકવાડા તાલુકામાં દેવલીયા ખાતેની ચેકપોસ્ટની મુલાકાત લઇ આ ચેકપોસ્ટ ખાતે ચૂંટણીલક્ષી ફરજો માટે તૈનાત કરાયેલી SST ટીમ, BSF જવાનો અને પોલીસ જવાનો ધ્વારા થઇ રહેલી કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યુ હતું. આ ટીમોને સ્થળ પર જ તેઓએ કેટલાંક સૂચનો સાથે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

તિલકવાડા તાલુકામાં દેવલીયા ખાતેની કેન્દ્રીય ચૂંટણી ખર્ચ નિરીક્ષક પ્રભાત રંજને આ મુલાકાત દરમિયાન દેવલીયા ચેકપોસ્ટ ખાતે ફરજ પરના ટીમ લીડર અધિકારી, પોલીસના સુરક્ષા કર્મીઓ-જવાનો સાથે જરૂરી ચર્ચા-વિમર્શ કરી સ્થળ પર થઈ રહેલી કામગીરીના જરૂરી રજીસ્ટર્સની ચકાસણી કરી ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા ૨૪ કલાક રાઉન્ડ-ધી-ક્લોક વાહન ચેકીંગ અને રૂટ પેટ્રોલિંગ વગેરે અંગે થઇ રહેલી કામગીરીની વિગતો મેળવી હતી. પ્રભાત રંજને ટીમ લીડર સાથે કરેલ રૂબરૂ પરામર્શ અને ચર્ચા મુજબ ચેકપોસ્ટ પરથી રોજ કેવાં પ્રકારના અને અંદાજે કેટલા વાહનો પસાર થાય છે, દિવસ અને રાત્રિના સમયે કેવા પ્રકારના લોકોની અવર-જવર થાય છે, વાહન ચેક કરતી વખતે કેવા પ્રકારની કાળજી રાખવી વગેરે જેવી બાબતો અંગેની ઝીણવટભરી જાણકારી સાથે વિસ્તૃત માહિતી મેળવી ટીમને સ્થળ પર જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું. કેન્દ્રીય ખર્ચ નિરીક્ષક પ્રભાત રંજને ચેકપોસ્ટ ખાતેથી થઇ રહેલી વાહનોની અવર-જવર દરમિયાન જો કોઇ વાહન શંકાસ્પદ જણાય તો અન્ય વાહનોની અવર-જવરમાં મુશ્કેલી ન પડે તે રીતે આવા વાહનોને રસ્તાની બાજુમાં રોકીને તેની જરૂરી પૂછપરછ-ચકાસણી કરવા વગેરે જેવી બાબતો અંગેનું પણ ટીમને માર્ગદર્શન આપ્યું હતુ. ઉક્ત મુલાકાત દરમિયાન લાયઝન ઓફિસર વિનોદભાઈ પટેલ પણ સાથે જોડાયાં હતાં.

# પાદરા બાર એસો.ના પ્રમુખની સર્વાનુમતે ફરીથી નિયુક્તિ કરાઈ

(પ્રતિનિધી) પાદરા, તા.૨૩

પાદરા બાર એસોસિએશનના પ્રમુખ તરીકે દિપક પ્રજાપતિની સર્વાનુમતે ફરી નિયુક્તિ કરવામાં આવી છે. ગુજરાત બાર એસોસિએશનના આદેશ અનુસાર દીપક એમ પ્રજાપતિ ના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠક પાદરા વકીલ મંડળના બાર રૂમમાં પાદરા મંડળના તમામ વકીલ તથા હોદ્દેદારો સને 2022-23 માટેની ચૂંટણી બાબતે જનરલ મીટીંગ રાખવામાં આવેલ હતી, જે મિટિંગમાં પાદરા વકીલ મંડળના સિનિયર વકીલો તથા જુનિયર વકીલમિત્રો હાજર રહ્યા હતા અને ચર્ચા વિચારણા બાદ 2021/22 ના હોદ્દેદારો પ્રમુખ દીપક એમ પ્રજાપતિ, ઉપપ્રમુખ કે.ટી સોની સેક્રેટરી ઈમ્તિયાઝ આઈ વોરા, સહમંત્રી રજનીકાંત જી શાહ તથા કારોબારી સભ્ય સંજય સોલંકી, મહેશ મકવાણા, મનોજ પટેલ, ગિરીશ પરમાર, મુકુંદ ગોહિલ, ગાયત્રીબેન પુરોહિત, મોહિત શેખ ની સરવાનું મતે સને 2022/23 માટે પુનઃ નિયુક્તિ કરવામાં આવી છે. જેને લઇ પાદરા બાર એસોસયેશનમાં ખુશી વ્યાપી હતી.